




# ક્રિએટીવ વેલબીઈંગ સ્પેસ

## આ પ્રોજેક્ટ

હમારા ઘરની નીચે આવેલા ખાલી રીટેઈલ યુનિટ્સ માટે કળા, સંસ્કૃતિ અને સુખાકારી માટે એક નવી જગ્યાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ જગ્યામાં સામુદાયિક કાફેનો પણ સમાવેશ થશે. 2021 માં ગુડ ગ્રોથ પ્રોગ્રામ તેમજ અન્ય ગ્રીન સ્ટ્રીટ પ્રોજેક્ટ્સ, જેવા કે નગરના નવા કેન્દ્રની વ્યૂહરચના અને ક્ષમતા અને વ્યાવહારિકતા અભ્યાસ માટે ચર્ચા-વિચારણા અને કો-ડીઝાઈન કાર્યશાળાઓ માટે નવો 'ગ્રીન રૂમ' વિકસાવવામાં આવશે. આ પ્રોજેક્ટ માટેનું બજેટ 760,000 છે.



## તમારી પ્રાથમિકતાઓ:

જાન્યુઆરી 2020 માં યોજાયેલ સામુદાયિક ચર્ચા-વિચારણા કાર્યશાળાઓને આધારે, જગ્યાના ઉપયોગ માટે પ્રાથમિકતા ધરાવતા વિચારો આ મુજબ છે;

એ. વેલબીઈંગ સ્પેસ: ધ્યાન, યોગા અને પાઈલેટ્સ જેવી સુખાકારી પ્રવૃતિઓ માટેની જગ્યા

બી. ખુલ્લા વાતાવરણમાં બેસીને જમવાની વ્યવસ્થા સાથે કાફે: બહાર બેસવાની થોડી જગ્યા સાથે નવા સામુદાયિક કાફે અને ગેલેરીની હાલમાં યોજના બનાવવામાં આવી રહી છે.



સી. "ન્યુહામ પાઈરેટ્સ": યુવાનોના વાંચન, લેખનમાં સુધારો અને આત્મવિશ્વાસમાં વધારો કરવા પ્રચલિત શાળા-પછીના કાર્યક્રમને આધારે

આ જગ્યા સાથે શ્રેષ્ઠ રીતે બંધબેસતા હોય તેવા વિચારોને ચકાસવામાં આવશે અને ક્રિએટીવ ન્યુહામ અલાયન્સ દ્વારા વધુ વિકસાવવામાં આવશે. આ અલાયન્સ બરોમાં આવેલ 70 સંસ્થાઓનું એક જૂથ છે, જેઓ રહેવાસીઓની સાંસ્કૃતિક અને સર્જનાત્મક ક્ષમતાનો પૂરો ઉપયોગ થાય તે માટે તેમના સશક્તિકરણની એકસમાન પ્રતિબદ્ધતા ધરાવે છે. કળા, સંસ્કૃતિ અને સુખાકારી પર વિશેષ લક્ષ્ય સાથે આ જગ્યા માટેનું મોટા ભાગનું આયોજન આ સંસ્થાઓ તેમજ બરોની બહાર સ્થિત સંસ્થાઓ તરફથી આવશે.



## નવો કાફે, ગેલેરી અને 'ગ્રીન રૂમ'

અગાઉ સુપરમાર્કેટ હતી તેવી ત્રણ ખાલી દુકાનોના ભોંયતળિયાને 'ધ ગ્રીન રૂમ' તરીકે ઓળખાતી કાફે, ગેલેરી અને મિટિંગ માટેની જગ્યામાં ફેરવવામાં આવશે. આ 'સામાન્ય ફેરફાર' ધરાવતો સુધારો હશે જેથી જગ્યાને ફેબ્રુઆરી 2021 સુધીમાં ખોલી શકાય. આ જગ્યા આગામી સમગ્ર વર્ષ દરમિયાન શ્રેણીબદ્ધ સામુદાયિક પ્રવૃત્તિઓમાં તેનો ઉપયોગ થવાનો હેતુ ધરાવે છે.

2022 ની શરૂઆત કરીને, પહેલા માળ સહિત આ જગ્યાને ક્રિએટીવ વેલબીઈંગ સ્પેસમાં ફેરવવા અને કળા, સાંસ્કૃતિક અને સુખાકારી માટેની શ્રેણીબદ્ધ પ્રવૃત્તિઓ પૂરી પાડવા માટે આખરી ઓપ આપવામાં આવશે.

આ ચર્ચા-વિચારણા દરમિયાન સ્થાનિક રહેવાસીઓ અને વેપારી સંસ્થાઓને વધારાના વિચારોની પસંદગી પર મત આપવાનું કહેવામાં આવશે, જેથી બ્રીફને અંતિમ આકાર આપવામાં વધુ મદદ મળે. તમારા વિચારોનો ઉપયોગ યોજનાની બ્રીફને અંતિમ આકાર આપવા માટે કરવામાં આવશે, જેને આ વેબસાઈટ અને કાઉન્સિલના ગ્રીન સ્ટ્રીટ વેબપેજ પર પ્રકાશિત કરવામાં આવશે.

અમારે થોડી વિગતો જોઈશે, તમારો મત ગણતરીમાં લેવાય તે માટે તમારે તે આપવી આવશ્યક છે. આ વિગતોને ડેટાબેઝમાં ઉમેરવામાં આવશે અને જો તમે ઇચ્છો તો આ પ્રોજેક્ટ અંગેની વધુ વિગતો સાથે અમે ભવિષ્યમાં તમારો સંપર્ક કરી શકીએ છીએ.

પહેલું નામ:

અટક:

ઈમેઈલ:

ગ્રીન સ્ટ્રીટ સુધારાઓ અંગે વધુ અપડેટ માટે કૃપા કરીને મારો સંપર્ક કરો ☐

### નાના કાર્યક્રમો જેવા કે કવિતા, બોલાતા શબ્દો, હાસ્ય અને રમૂજ

એક એવી જગ્યા જ્યાં પહેલી વાર કાર્યક્રમ આપતા લોકો ગ્રીન સ્ટ્રીટમાં રહેતા લોકોનું મનોરંજન કરતા કાર્યક્રમ કરીને તેમનો હાથ અજમાવી શકે છે.



તમારા ત્રણ મનપસંદ વિચારોની પસંદગી કરો — અહીં મત આપો

ટીપ્પણીઓ:

### પ્રાયોગિક અને વિકાસલક્ષી થિયેટર, નૃત્ય અને સંગીત

એક એવી જગ્યા જ્યાં ન્યુહામ સ્થિત પરફોર્મન્સ ગ્રૂપ્સ ગ્રીન સ્ટ્રીટના કેન્દ્રમાં આવેલ પરિચિત જગ્યામાં તેમનો શો કરી શકે છે.



તમારા ત્રણ મનપસંદ વિચારોની પસંદગી કરો — અહીં મત આપો

ટીપ્પણીઓ:

## ન્યુહામ પાઈરેટ્સ



તેમની શાળા અને અન્ય જગ્યાઓ પર સફળતા પ્રાપ્ત કરી શકે તે માટે યુવાનોના વાંચન, લેખનમાં સુધારો અને આત્મવિશ્વાસમાં વધારો કરવા શાળા-પછી ચાલતી ક્લબ

તમારા ત્રણ મનપસંદ વિચારોની પસંદગી કરો — અહીં મત આપો

ટીપ્પણીઓ:

## પ્રદર્શનો



ફોટોગ્રાફી, ચિત્રકામ અને પોટ્રેઈટ્સ જેવા વિવિધ પ્રકારના પ્રદર્શનો માટે ન્યુહામના કલાકારો, સર્જનાત્મક જૂથો અને યુવાન લોકો દ્વારા ઉપયોગ કરવા માટેની જગ્યા.

તમારા ત્રણ મનપસંદ વિચારોની પસંદગી કરો — અહીં મત આપો

ટીપ્પણીઓ:

## તહેવારના કાર્યક્રમો



વર્ડ ફેસ્ટિવલ અને ફેરી ફેસ્ટિવલ જેવા તહેવારના વાર્ષિક કાર્યક્રમોને ટેકો આપવા માટે અંદરની અને બહારની જગ્યાનો ઉપયોગ.

તમારા ત્રણ મનપસંદ વિચારોની પસંદગી કરો — અહીં મત આપો

ટીપ્પણીઓ:

## વેલબીઈંગ સ્પેસ



આ જગ્યાનો ઉપયોગ યોગ, પાઈલેટ્સ અને ધ્યાન જેવી સુખાકારી પ્રવૃત્તિઓ માટે થઇ શકે છે

તમારા ત્રણ મનપસંદ વિચારોની પસંદગી કરો — અહીં મત આપો

ટીપ્પણીઓ:

## વાંચન અને વાર્તાના માધ્યમથી કાર્યક્રમ આપવો

તમામ ઉંમરના લોકો ભાગ લઇ અને તેનો આનંદ માણી શકે તે માટે સમુદાય દ્વારા પ્રસ્તુત અને સંચાલિત કરવામાં આવતા વાંચન અને વાર્તા કહેવાના કાર્યક્રમો માટે આ જગ્યાનો ઉપયોગ થઇ શકે છે.



તમારા ત્રણ મનપસંદ વિચારોની પસંદગી કરો

અહીં મત આપો

ટીપ્પણીઓ:

## સામુદાયિક કાર્યશાળાઓ

તેમને માટે અને સમુદાય માટે શું મહત્વનું છે તે અંગેની ચર્ચા કરવા માટે રહેવાસીઓ અને વેપારી સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતી સામુદાયિક કાર્યશાળાઓ માટે ઉપયોગ કરવાની જગ્યા.



તમારા ત્રણ મનપસંદ વિચારોની પસંદગી કરો

અહીં મત આપો

ટીપ્પણીઓ: